RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

સૌરાષ્ટ્ર આસપાસ

BHAVNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ આસો વદ -૧૩ શનિવાર તા.૦૭-૧૧-૨૦૨૬ અંક : ૧૧ વર્ષ : ૨૪ news@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં ઉજવી દિવાળી

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દીવો પ્રગટાવ્યો, તેમને ભેટમાં મળી હનુમાન ચાલીસા, અનેક દેશમાં ઉજવાય છે દિવાળી

વોશિંગ્ટન,

દિવાળીની રોશની હવે માત્ર ભારત પૂરતી સીમિત નથી રહી, પરંતુ દુનિયાના અનેક દેશોમાં પણ આ તહેવારની ધૂમ જોવા મળી રહી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ વ્હાઈટ હાઉસમાં દિવાળીની ઉજવણી કરી હતી. આ ખાસ પ્રસંગે ટ્રમ્પે દીવો પ્રગટાવ્યો હતો. એટલું જ નહીં, તેમને ભેટમાં





હનુમાન ચાલીસા પણ આપવામાં આવી હતી. વ્હાઈટ હાઉસમાં યોજાયેલા આ દિવાળી સમારોહની તસવીરો અને ચર્ચા હવે લોકોનું ધ્યાન ખેંચી રહી છે.

ભારત સહિત દુનિયાના અનેક દેશોમાં દિવાળીનો તહેવાર ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. આ વર્ષે અમેરિકાના વ્હાઈટ હાઉસમાં પણ દિવાળીની ખાસ ઉજવણી કરવામાં આવી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ કાર્યક્રમમાં સામેલ થયા હતા. દિવાળીના આ ખાસ પ્રસંગે વ્હાઈટ હાઉસમાં ઉત્સવ જેવો માહોલ જોવા મળ્યો હતો. ટ્રમ્પે પરંપરા મુજબ દીવો પ્રગટાવીને દિવાળીની ઉજવણીમાં ભાગ લીધો હતો.આ દિવાળી સમારોહની સૌથી ખાસ વાત એ રહી કે ડોનાલ્ડ ટ્રમ્પને ભેટમાં હનુમાન ચાલીસા આપવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિ અને પરંપરા સાથે જોડાયેલી આ ભેટે કાર્યક્રમને વધુ ખાસ બનાવ્યો હતો. હનુમાન ચાલીસા ભગવાન હનુમાનની સ્તુતિ માટે રચવામાં આવેલી પ્રાર્થના છે. ભારતના અનેક ઘરોમાં તેનું નિયમિત પઠન કરવામાં આવે છે. ટ્રમ્પને આ ભેટ મળવાની વાતે પણ લોકોનું ધ્યાન ખેંચ્યું છે.

દિવાળી માત્ર દીવા પ્રગટાવવાનો તહેવાર નથી, પરંતુ તે અંધકાર પર પ્રકાશ અને અસત્ય પર સત્યના વિજયનું પ્રતીક છે. આ તહેવાર ભારતની સંસ્કૃતિ અને પરંપરાને દુનિયાભરમાં ઓળખ અપાવે છે. અમેરિકામાં મોટી સંખ્યામાં ભારતીયો રહે છે. તેઓ દર વર્ષે દિવાળીનો તહેવાર ઉત્સાહથી ઉજવે છે.

દિવાળીના રંગે રંગાયું વ્હાઈટ હાઉસ

વ્હાઈટ હાઉસમાં દિવાળીના તહેવારનો ઉત્સાહ જોવા મળ્યો હતો. ટ્રમ્પે દીવો પ્રગટાવીને ઉજવણીમાં ભાગ લીધો અને તેમને હનુમાન ચાલીસા ભેટમાં આપવામાં આવી. આ રીતે ભારતનો લોકપ્રિય તહેવાર દિવાળી અમેરિકાના રાષ્ટ્રપતિ ભવન સુધી પહોંચ્યો છે. વ્હાઈટ હાઉસમાં થયેલી આ ઉજવણી ભારતીય સમુદાય માટે પણ ખાસ બની રહી છે.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મારવાની ફિરાકમાં ફરતો વેનેઝુએલાનો યુવક હથિયારો સાથે ઝડપાયો

વોશિંગ્ટન ડીસી,

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સુરક્ષા સાથે જોડાયેલા ગંભીર મામલો સામે આવ્યો છે. વ્હાઈટ હાઉસ પાસે હથિયારોથી ભરેલા એક ટ્રક સાથે વેનેઝુએલાનો ૩૦ વર્ષીય નાગરિક પકડાયો હતો. અમેરિકન સીક્રેટ સર્વિસના અધિકારીઓએ ત્રાણ હથિયાર અન મોટી માત્રામાં કારતૂસ જપ્ત કર્યા હતા. અમેરિકી સિક્રેટ સર્વિસનો એક



અધિકારી વ્હાઈટ હાઉસ નજીક પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયાન તેને કોન્સ્ટીટ્યુશન એવન્યુ પર એક વાદળી રંગનો પિકઅપ ટ્રક શંકાસ્પદ હાલતમાં પાર્ક થયેલો જોવા મળ્યો હતો.

અધિકારીએ વાહનની અંદર બેઠેલી વ્યક્તિને તેની સુરક્ષા અને હથિયારો અંગે પૂછપરછ કરી હતી. ફરિયાદ મુજબ, આરોપીએ હથિયાર હોવાની બાબત પર માથું હલાવ્યું હતું અને આંગળી વડે બંદૂક ચલાવવા જેવો ઈશારો કર્યો હતો.





દેશમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાત અને મહારાષ્ટ્રનો ડંકો

રાષ્ટ્રીય આવકમાં મહારાષ્ટ્ર અને ઉત્પાદનમાં ગુજરાત મોખરે, કારખાનાઓની સંખ્યામાં તમિલનાડુ પ્રથમ

નવી દિલ્હી,

દેશના ઔદ્યોગિક ઉત્પાદનની દ્રષ્ટિએ ગુજરાત, મહારાષ્ટ્ર અને તામિલનાડુની મુખ્ય ભૂમિકા સામે આવી છે. કારખાનાઓની સંખ્યામાં તમિલનાડુ, ઉત્પાદનમાં ગુજરાત અને રાષ્ટ્રીય આવકમાં યોગદાનની બાબતમાં મહારાષ્ટ્ર ટોચ પર છે. દેશના ૨૦૧૮ લાખ કારખાનાઓમાં ૨.૧૦ કરોડ લોકોને રોજગારી મળી છે. આંકડાશાસ્ત્રા મંત્રાલયના એક અહેવાલ મુજબ, દેશમાં નાના કારખાનાઓની સંખ્યા સૌથી વધુ છે, પરંતુ કુલ મૂડીનો ૭૯.૫૯ ટકા હિસ્સો મોટા ઉદ્યોગો પાસે છે.

રિપોર્ટ મુજબ, દેશના ૨.૧૮ લાખ કારખાનાઓમાં ૨.૧૦ કરોડ લોકોને રોજગારી મળી છે. એક કારખાનું સરેરાશ ૯૬ લોકોને રોજગારી આપે છે. તેમાં રૂ. ૨,૩૩૯ લાખની સ્થિર મૂડી રોકાયેલી છે. તે રૂ. ૭,૫૬૧ લાખ મૂલ્યની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે. આનાથી રાષ્ટ્રીય આવકમાં રૂ. ૧૦૫૨ લાખનું નેટ વેલ્યુ એડિશન થાય છે.

રિપોર્ટ મુજબ,આ કારખાનાઓએ કર્મચારીઓને રૂ. ૮.૦૩ લાખ કરોડનું મહેનતાણું ચૂકવ્યું હતું.

યુપીમાં ટ્રક-ટ્રેક્ટર ટ્રોલીનો અકસ્માત, પાંચના મોત

લખનૌ,

ઉત્તર પ્રદેશના સીતાપુર જિલ્લાના પિસાવાં પોલીસ સ્ટેશન વિસ્તારના હિમ્મતનગર પાસે થયો હતો. હરદોઈ તરફથી એક પરિવાર મુંડનવિધિનો પ્રસંગ પૂર્ણ કરીને ટ્રેક્ટર-ટ્રોલીમાં સવાર થઈને પોતાના ઘરે પરત ફરી રહ્યો હતો. ટ્રેક્ટર-ટ્રોલીમાં પરિવારના અનેક સભ્યો અને સંબંધીઓ સવાર હતા. પરંતુ રસ્તામાં અચાનક એક ટ્રક સાથે તેમની ટ્રેક્ટર-ટ્રોલીની ટક્કર થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ટ્રેક્ટરનું સંતુલન બગડ્યું હતું અને તે રસ્તા પર પલટી ગઈ હતી.

એક તરફ પરિવારના સભ્યો ખુશીનો પ્રસંગ પૂર્ણ કરીને ઘરે પરત ફરી રહ્યા હતા, તો બીજી તરફ આ અકસ્માતે પરિવારને મોટો આઘાત આપ્યો છે. અકસ્મતમાં ઘાયલ થયેલા લોકોની સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડોક્ટરોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે.







ચાની ઉકળતી કડાઈ અને આગની આંચમાં સર્જાતું અનોખું દૃશ્ય...



સવારના પ્રથમ સોનેરી કિરણો ધરતીને અજવાળતા હોય ત્યારે રસ્તા કિનારે ચાની કડાઈમાં ઊકળતી ચા, અગ્નિની ઊંચી જ્વાળાઓ અને ધુમાડાની લહેરોએ એક અનોખું દૃશ્ય સર્જ્યું હતું. લોકજીવનમાં ચા માત્ર એક પીણું નથી, પરંતુ સંબંધો અને સંવાદનું માધ્યમ પણ છે. ચાની એક ચુસ્કી લેતાં-લેતાં સુખદુઃખની વાતો, રોજિંદા જીવનના અનુભવો અને અનેક વિષયો પર ચર્ચાઓ થતી હોય છે. ખરેખર, ચાની કીટલી પાસે જિંદગીના અનેક રંગો અને લોકજીવનની અઢળક વાતો સાંભળવા મળતી હોય છે.

-દિપક માળી

શહેર ભાજપ કાર્યાલય ખાતે ધનતેરસે ભગવાન ધન્વંતરીજીનું પૂજન કરાયું



પૌરાણિક કથાઓ મુજબ, સમુદ્ર મંથન વખતે ભગવાન ધન્વંતરી અમૃત કલશ સાથે પ્રગટ થયા હતા અને માનવજાતને આયુર્વેદનું જ્ઞાન આપ્યું હતું. તા. ૬ નવેમ્બર ૨૦૨૬ ને ધનતેરસના શુભ દિવસે ભાવનગર શહેર ભાજપ કાર્યાલય ખાતે આદિ પુરુષ ભગવાન ધન્વંતરીજીનું ભાવપૂર્વક પૂજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શહેર ભાજપ અધ્યક્ષ કુમારભાઈ શાહ તેમજ શહેર ભાજપ ડોક્ટર સેલ સહિત સમગ્ર શહેર સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સૌએ ભગવાન ધન્વંતરીના ચરણોમાં શિશ નમાવી સર્વેના ઉત્તમ સ્વાસ્થ્ય અને નિરામય જીવન માટે પ્રાર્થના કરી હતી.

ભાવનગરમાં ૧૫ નવેમ્બરે 'જનજાતીય ગૌરવ દિવસ'ની જિલ્લા કક્ષાની ઉજવણી યોજાશે

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતીના કાર્યક્રમ અંગે કલેક્ટરના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

ભાવનગર,તા૭

સમગ્ર રાજયની સાથે ભાવનગર જિલ્લામાં આગામી તા. ૧૫ નવેમ્બરના રોજ ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતિ અન્વયે 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણીનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યશવંતરાય નાટ્યગૃહ ખાતે યોજાનાર છે. આ ઉજવણીના સુચારૂ આયોજન અને વિવિધ વ્યવસ્થાઓની સમીક્ષા કરવા જિલ્લા કલેક્ટર ડૉ. મનીષ કુમાર બંસલના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન અધિક નિવાસી કલેક્ટર એન. ડી. ગોવાણીએ વિવિધ સમિતિઓ અને અધિકારીઓને સોંપાયેલી કામગીરીની વિગતો આપી હતી. કાર્યક્રમમાં બેઠક વ્યવસ્થા, પીવાનું પાણી, આરોગ્ય સેવાઓ, લોકાર્પણ-ખાતમુહૂર્ત, સ્ટેજ વ્યવસ્થા અને સાંસ્કૃતિક કાર્યક્રમ સહિતની તૈયારીઓની સમીક્ષા કરાઈ હતી.

જિલ્લા કલેક્ટરે તમામ સમિતિઓને જરૂરી માર્ગદર્શન અને ??ચનો આપ્યા હતા. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જયશ્રીબેન જરૂ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

થેલા અને સૂટકેસમાં વિદેશી દારૂ સાથે યુવક-યુવતી ઝડપાયા

ભાવનગર,તા.૭

ભાવનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં દારૂની પ્રવૃત્તિ નેસ્તનાબુદ કરવાના ઉચ્ચ અધિકારીઓની સૂચનાના પગલે પેરોલ ફર્લો સ્કવોડની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન બાતમીના આધારે નિલમબાગ સર્કલ પાસે આવેલ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્વિમિંગ પુલના ગેટ પાસેથી રાજવીર સુશીલ ગારંગે (રહે. અમદાવાદ) અને સાનીયા વા./ઓ. આદિત્ય રાકેશભાઈ રાઠોડ (રહે. ભાવનગર) ને ઝડપી પાડવામાં આવ્યા હતા. તેઓ પ્લાસ્ટિકના થેલાઓ અને સૂટકેસમાં રાજસ્થાન વેચાણ અર્થેની વિદેશી દારૂની સીલપેક બોટલો ભરીને જઈ રહ્યા હતા. પોલીસે તપાસ કરતા ગ્રીન લેબલ અને ૮ પીએમ વ્હીસ્કીની કુલ ૨૬૬ બોટલો મળી આવી હતી. પોલીસે રૂ. ૩૯,૧૦૬/- નો મુદ્દામાલ જપ્ત કરી બંને આરોપીઓ વિરુદ્ધ નિલમબાગ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એસ.ટી. સ્ટેન્ડ પાસેથી ૧૮ ગુનામાં સંડોવાયેલો દારૂનો તસ્કર ઝડપાયો

ભાવનગર,તા.૭

ભાવનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પ્રોહિબિશનના નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા પેરોલ ફર્લો સ્કવોડની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમીના આધારે ભાવનગર એસ.ટી. બસ સ્ટેન્ડ પાસેથી મૂળ બિહારના અને હાલ વાપી રહેતા કુખ્યાત શખ્સ મનીષ અર્જુનભાઈ કુશવાહા (ઉ.વ.૨૪)ને ઝડપી પાડી નિલમબાગ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

આરોપી મનીષ કુશવાહા ભાવનગરના નિલમબાગ અને સોનગઢ પોલીસ સ્ટેશનના દારૂના ગુનાઓમાં લાંબા સમયથી નાસતો-ફરતો હતો. આરોપી સામે અગાઉ સુરત, વલસાડ, નવસારી અને ભાવનગર ખાતે પ્રોહિબિશન, મારામારી અને ગુનાહિત કાવતરા સહિત કુલ ૧૮ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આ કામગીરી પીઆઈ એચ.બી. ચૌહાણ, પીએસઆઈ આર.એ. વાઢેર તથા સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

તળાજાના દકાના ગામે આંબાના ઝાડ નીચે જુગાર રમતા બે ઝડપાયા

ભાવનગર,તા.૭

તળાજા તાલુકાના દકાના ગામે ઢોરા વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં આંબાના ઝાડ નીચે બેસીને ગેરકાયદેસર રીતે જુગાર રમતા બે ઈસમોને તળાજા પોલીસની ટીમે ઝડપી પાડ્યા છે. પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે દકાના ગામે રેડ કરી હતી. રેડ દરમિયાન મહેશભાઈ ઉર્ફે મયલો મનાભાઈ મકવાણા અને લાલજીભાઈ ઉર્ફે લલ્લુ ડાયાભાઈ મકવાણા જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી પર ગંજીપતાના પાના અને રોકડા રૂ. ૧૧,૧૨૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ અંગે પોલીસ કોન્સ્ટેબલ અશ્વિનભાઈ ચુડાસમાની ફરિયાદના આધારે તળાજા પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જન્મદિન શુભેચ્છા

સ્વામી સહજાનંદ ગ્રુપ ઓફ કોલેજીસના પ્રિન્સિપાલ અને નેકના સદસ્ય પ્રો. હેતલ મહેતાનો જન્મદિવસ



ભાવનગરની જાણીતી શૈક્ષણિક સંસ્થા સ્વામી સહજાનંદ ગ્રુપ ઓફ કોલેજીસના પ્રિન્સિપાલ-પ્રોફેસર હેતલબેન મહેતાનો આજે તારીખ ૭ નવેમ્બરના જન્મદિવસ છે. શિક્ષણમાં કંઈક નવું કરવા સાથે વિદ્યાર્થીઓમાં શિક્ષણનું સ્તર ઉચ્ચું આવે સાથે જુદા જુદા ક્ષેત્રમાં પારંગત થાય તે માટે પ્રોફેસર હેતલબેન મહેતા કાર્યરત છે. તેઓ યુજીસી સંસ્થા માન્ય નેકની ટીમના સદસ્ય છે, ઉલ્લેખનીય છે કે, યુનિવર્સિટી તેમજ કોલેજમાં ઈન્સ્પેકશન તેમજ ગ્રેડ આપવાની જવાબદારી ટીમ નેક ની છે. પ્રોફેસર હેતલ મહેતા તેના સદસ્ય છે. ખૂબ જ બહોળું મિત્ર વર્તુળ ધરાવતા પ્રો. હેતલબેન મહેતાને આજે સવારથી જન્મદિવસની શુભકાનાઓ મળી રહી છે.

જન્મદિન શુભેચ્છા

વલભીપુરના કર્મરાજસિંહનો જન્મદિન



વલભીપુરના પત્રકાર ધર્મેન્દ્રસિંહ સોલંકીના પુત્ર કર્મરાજસિંહનો આજે તા.૭ને શનિવારના રોજ જન્મદિવસ છે. જીવનના દસમા વર્ષમાં પ્રવેશ કરતા કર્મરાજસિંહના જન્મદિવસ નિમિત્તે સાંજે પિતા ધર્મેન્દ્રસિંહ, માતા કોમલબા, બહેન માનવીબા સહિત પરિવારજનો સાથે જન્મદિવસની ઉજવણી કરશે.તેને જન્મદિવસની શુભેચ્છા આપવા ડાયલ કરો મોં.ન.૯૭૧૪૭ ૯૦૫૯૮.

ક્યુટ બોય વંશ ચુડાસમાનો જન્મદિવસ



ભાવનગર શહેરના આનંદનગર વિસ્તારમાં રહેતા વંશ ચુડાસમાનો આજે જન્મદિવસ છે. વંશ આજે તેમનો જન્મદિવસ દાદાઃ મનાજીભાઈ, દાદીઃ રામુબેન, પિતાઃ જીજ્ઞેશભાઈ, માતાઃ ભાવનાબેન, કાકાઃ ભાવેશભાઈ, કાકીઃ છાંયાબેન, બેનઃ કૃતિ,કિષ્ણા,અંતર અને પ્રાર્થના સાથે ધામધુમથી ઉજવશે. મો.૯૪૨૯૩૪૩૪૧૯

અક્ષરવાડી સ્વામિનારાયણ મંદિરે દિવાળી તથા નૂતન વર્ષની ભવ્ય ઉજવણી કરાશે

ચોપડા પૂજન, આતશબાજી, મનોરમ રંગોળી અને ૧૨૦૦થી વધુ વાનગીઓ સાથે ભવ્ય અન્નકૂટ ઉત્સવ યોજાશે

ભાવનગર,તા.૭

ભાવનગરના અક્ષરવાડી રોડ પર સ્થિત મ્છજી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરંપરાગત રીતે દિવાળી અને નૂતન વર્ષના તહેવારોની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર મંદિર પરિસરને રોશની અને શણગારથી સુશોભિત કરવામાં આવ્યું છે.

દિવાળીના દિવસે એટલે કે તા. ૮ નવેમ્બરના રોજ સાંજે ૫ વાગ્યે શાસ્ત્રોક્ત વિધિથી મહાપૂજા સાથે ચોપડા પૂજન યોજાશે, ત્યારબાદ ભવ્ય આતશબાજીનો ભક્તો લાભ લઈ શકશે. ઉપરાંત, અક્ષરદ્વાર પાસે યુવતીઓ દ્વારા સુંદર રંગોળી સજાવવામાં આવશે.

નૂતન વર્ષના પ્રારંભે તા. ૧૦ નવેમ્બરના રોજ ભગવાન સમક્ષ ૧૨૦૦થી વધુ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવાશે. આ દિવસે સવારથી સાંજ સુધી અન્નકૂટ દર્શન અને મહાઆરતીનો લાભ મળશે. નવા વર્ષના પ્રથમ દિવસે દર્શન કરવાથી વર્ષ સુખમય રહેતું હોવાથી મંદિર સમિતિ દ્વારા સૌ ભક્તોને આ ઉત્સવમાં સહભાગી બનવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.





શુભ દિપાવલી

શ્રી અભિનવ ક્રેડિટ કો ઓપરેટીવ સોસાયટી
ચેરમેન : રઝાકભાઇ આઇ. સાકરવાલા
એમ.ડી : આસીફભાઇ આર. પાંચા
શેલારશાપીર દરગાહ સામે, ભાવનગર

ભાવેણાવાસીઓને દિવાળી તથા નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છા...
મુન્નાભાઈ વરતેજી
ભાવનગર
G.S ઈન્ડસ્ટ્રીઝ
M.S કોર્પોરેશન









પ્રકાશ પર્વનો ઉજાશ : ભાવનગરમાં ઇમારતો અને જાહેર સર્કલોમાં રોશનીનો અદ્‌ભુત નજારો



પ્રકાશના મહાપર્વ દિવાળીને આવકારવા માટે સંસ્કારી નગરી ભાવનગર રંગબેરંગી રોશનીના ઝગમગાટથી ઝળહળી ઉઠી છે. શહેરની શોભામાં અતિશય વધારો કરતી સરકારી કચેરીઓ, ખાનગી કોર્પોરેટ ઈમારતો તેમજ મુખ્ય જાહેર સર્કલોને મનમોહક લાઇટિંગ અને રોશનીથી સજાવવામાં આવ્યા છે. રાત્રિના સમયે શહેરના માર્ગો અને પરિસરનો નજારો અદ્ભુત અને વિહંગમ દ્રશ્યો સર્જે છે. કલરફુલ એલ.ઈ.ડી. લાઈટ્સ અને શણગારથી આખીય નગરી દિપોત્સવીના ઉજાસમાં ન્હાઈ ગઈ છે. ઝગમગતા સર્કલો અને ઈમારતો લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે, અને સમગ્ર શહેરમાં દિવાળી પર્વનો દિવ્ય ઉત્સાહ તથા આહલાદક માહોલ છવાઈ ગયો છે.

કોબડી ટોલનાકા નજીક સુરતથી આવતી ખાનગી લક્ઝરી બસ પલટી ગઈ: યાત્રીઓ ઈજાગ્રસ્ત

દિવાળીની ગિરદીમાં ડબલ ટ્રીપ અને બસ ચાલકોને ઉજાગરાના કારણે યાત્રીઓની સુરક્ષાને કરતી નજર અંદાઝ



ભાવનગર,તા..૭

ભાવનગર-સોમનાથ હાઈવે પર કોબડી ટોલનાકા નજીક આવેલા મામસા ગામ પાસે આજે વહેલી સવારે સુરતથી અમરેલી જઈ રહેલી માધવ ટ્રાવેલ્સની લક્ઝરી બસ રોડ પરથી નીચે ઉતરીને પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં સદ્‌નસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ અકસ્માતના પગલે અનેક પ્રવાસીઓ ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે.

મળતી વિગતો અનુસાર, લક્ઝરી બસ નંબરઃ જ્ત ૧૪ ઠ ૪૫૪૬ આજે સવારે આશરે ૫ વાગ્યાના સુમારે મામસા ગામ નજીકથી પસાર થઈ રહી હતી. તે સમયે મોટાભાગના યાત્રીઓ ગાઢ નિંદ્રામાં હતા ત્યારે જ કોઈ કારણોસર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ અચાનક ખાડામાં ઉતરીને આડા પડખે પલટી ગઈ હતી. આ અચાનક બનેલી ઘટનાથી પ્રવાસીઓમાં ભારે ગભરાટ ફેલાયો હતો અને ચીસાચીસ બોલી ગઈ હતી. અકસ્માતની જાણ થતાં જ હાઈવે ટ્રાફિક પોલીસની ટીમે ઘટનાસ્થળે પહોંચી રોડ પરનો વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે, હાલ દિવાળીના તહેવારો નિમિત્તે સુરતથી વતન તરફ આવતા લોકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. કમાઈ લેવાની લ્હાયમાં ખાનગી ટ્રાવેલ્સ સંચાલકો દ્વારા બસોની ડબલ ટ્રીપ મરાવવામાં આવી રહી છે. પરિણામે ડ્રાઈવરો સતત ઉજાગરા અને થાકના કારણે પૂરઝડપે અને બેફિકરાઈથી વાહનો દોડાવતા હોવાથી યાત્રીઓના જીવ જોખમમાં મુકાય છે. અકસ્માતની આ ઘટના તંત્ર માટે લાલબત્તી સમાન છે અને લોકહિતમાં આવા બેફામ દોડતા વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તે અનિવાર્ય બન્યું છે.

ઝાંઝરીયા હનુમાનજી મંદિરે ભક્તિભાવપૂર્વક યોજાયો "કાળી ચૌદશ-મારુતિ યજ્ઞ" ઉત્સવ





અધેવાડા ખાતે આવેલા પવિત્ર અને પાવનધામ ઝાંઝરીયા હનુમાનજી મંદિર ખાતેઆજે "કાળી ચૌદશ-મારુતિ યજ્ઞ" ઉત્સવ ધાર્મિક અને દિવ્ય માહોલમાં સંપન્ન થયો હતો. રાષ્ટ્રીય સંત પ.પૂ. બજરંગદાસ બાપાના જન્મસ્થળ અને પાવનધામ સમાન આ મંદિરે આયોજિત આ ઉત્સવમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભક્તોએ ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો. આ ઉત્સવ અંતર્ગત વહેલી સવારથી જ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનો પ્રારંભ થયો હતો. સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી, ૦૭:૦૦ કલાકે ધજા રોહણ અને સવારે ૦૮:૩૦ કલાકે સામૂહિક શાસ્ત્રોક્ત હવન (મારુતિ યજ્ઞ) શરૂ થયો હતો, જેમાં આશરે ૧૫ દંપતીઓએ યજમાન તરીકે ભાગ લીધો હતો. આ પવિત્ર યજ્ઞમાં બપોરે ૧૨:૦૦ કલાકે થાળ આરતી અને સાંજે ૦૪:૦૦ કલાકે યજ્ઞમાં પૂર્ણાહુતિ રૂપે પૂર્ણાહુતિ આહૂતિ આપવામાં આવી હતી. આ ભવ્ય ઉત્સવને સફળ બનાવવા માટે ટ્રસ્ટના પ્રમુખ કોમલકાંત શર્મા (લીલા ગ્રુપ)ના માર્ગદર્શન હેઠળ અજીતસિંહ ગોહિલ, શક્તિસિંહ ગોહિલ, પરેશભાઈ પારેખ, રાજેન્દ્રસિંહ ગોહિલ, ગીરીશભાઈ રામૈયા, બીપીનભાઈ પટેલ, ભોપાભાઈ ચાવડા સહિતના ટ્રસ્ટીગણ, સેવક સમુદાય તથા અધેવાડા ગામ સમસ્ત દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

મહુવાના વેપારીના રૂ.૨૨.૭૨ લાખના સોયાબીનનો ટ્રકમાંથી બારોબાર વહીવટ

ટ્રક ચાલક સહિત શખ્સો સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવાઈ

ભાવનગર, તા.૭

મહુવા માર્કેટિંગ યાર્ડના વેપારી સાથે ટ્રાન્સપોર્ટના નામે લાખોની છેતરપિંડી થયાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. મહુવાના ધર્મિત એન્ટરપ્રાઇઝના વેપારીએ મહારાષ્ટ્રના ધુલે ખાતે મોકલવા માટે ટ્રકમાં ભરાવેલા ૨૯,૫૩૦ કિલો સોયાબીનના ૬૩૫ કટ્ટા રસ્તામાં જ બારોબાર સગેવગે કરી દેવામાં આવતાં મહુવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ અંગે મળતી વિગતો મુજબ, વેપારી ધર્મિત શાહે આર.કે. ટ્રાન્સપોર્ટ મારફતે ટ્રકમાં રૂ.૨૨,૭૨,૭૭૬ની કિંમતનો સોયાબીનનો જથ્થો ભરાવ્યો હતો. ટ્રક ચાલક મુકેશ રાઠોડને રૂ.૬૧,૯૫૦ ભાડું નક્કી કરી રૂ.૩૦ હજાર એડવાન્સ ચૂકવ્યા હતા. જોકે, ધુલે માલ પહોંચવાને બદલે ટ્રક ચાલકે રસ્તામાં ગાડી બગડી હોવાનું બહાનું આપ્યું હતું.ત્યારબાદ તપાસ કરતાં સોયાબીનનો જથ્થો અમરેલીથી આગળ કુકાવાવ ખાતે ખાલી કરી અન્ય ત્રણ વાહનોમાં ટ્રાન્સફર કરાયો હોવાનું બહાર આવ્યું હતું. આ કૃત્યમાં મુકેશ રાઠોડ અને હરેશ પરમાર સહિતના શખ્સોની સંડોવણી હોવાની ફરિયાદમાં વિગતો સામે આવી છે. વેપારીએ ટ્રકમાં ભરેલા માલ અને એડવાન્સ ભાડા મળી કુલ રૂ.૨૩,૦૨,૭૭૬ની છેતરપિંડી અંગે મહુવા પોલીસને ફરિયાદ આપતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રોફ જમાવવાના ઇરાદે ફ્લિપકાર્ટના ડિલિવરી બોય પર છરી વડે હુમલો

દિહોર ગામે અગાઉની અદાવતમાં આરોપીએ ડિલિવરી બોયને જાનથી મારી નાખવાની ધમકી આપી

ભાવનગર,તા.૭

તળાજા તાલુકાના દિહોર ગામે રોફ જમાવવાના ઇરાદે ફ્લિપકાર્ટ કંપનીના ડિલિવરી બોય સાથે બોલાચાલી કરી છરી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ તળાજા પોલીસ ચોપડે નોંધાયો છે.

ગામમાં રહેતા અને ફ્લિપકાર્ટમાં ડિલિવરી બોય તરીકે નોકરી કરતા સાહિલભાઈ દાહીરભાઈ કાળવાતર (ઉ.વ.૨૪) ગત તા. ૦૧/૧૧/૨૦૨૬ ના રોજ સાંજે મિત્ર સાથે બેઠા હતા ત્યારે ગામના જ અલ્તાફભાઈ યુનુસભાઈ પરમારે ત્યાં આવી ગાળો બોલી ઝઘડો કર્યો હતો. સાહિલભાઈએ ના પાડતા ઉશ્કેરાયેલા અલ્તાફભાઈએ છરી કાઢી મારવા દોડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી સાહિલભાઈ ઘરમાં છુપાઈ જતા આરોપી નાસી છૂટ્યો હતો.

અગાઉ સમાધાનની વાત ચાલતી હોવાથી ફરિયાદમાં વિલંબ થયો હતો. આ બનાવ અંગે તળાજા પોલીસે સાહિલભાઈની ફરિયાદ પરથી આરોપી અલ્તાફભાઈ વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૩૫૨, ૩૫૧(૩) અને જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ યોગેશકુમાર દવે દ્વારા વધુ તપાસ હાથ ધરી છે.

ચકચારી ત્રિપલ મર્ડર કેસના આરોપી શૈલેષ ખાંભલાની જામીન અરજી કોર્ટે ફગાવી

ભાવનગર,તા.૭

ભાવનગરના તળાજા જકાતનાકા નજીક ફોરેસ્ટ ક્વાર્ટરમાં રહેતા શૈલેષ ખાંભલાએ એક વર્ષ પૂર્વે પોતાની પત્ની નયનાબેન, પુત્રી પ્રુથા અને પુત્ર ભવ્યની ક્રૂરતાપૂર્વક હત્યા કરી ત્રણેયના મૃતદેહ દફનાવી દીધા હતા. ગુમ થયાની ફરિયાદ બાદ પોલીસ તપાસમાં ત્રણેયના દફનાવાયેલા મૃતદેહો મળી આવ્યા હતા.આ ચકચારી ત્રિપલ હત્યા કેસમાં પોલીસે આરોપી શૈલેષ ખાંભલાની ધરપકડ કરી જેલહવાલે કર્યો હતો. દરમિયાન જેલમુક્તિ મેળવવા માટે આરોપીએ ભાવનગરની કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જે અંગે સુનાવણી હાથ ધરી કોર્ટે ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોપી શૈલેષ ખાંભલાની જામીન અરજી રદ કરી દીધી છે.

નારી ગામના સગીરાના અપહરણ અને દુષ્કર્મ કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ

ભાવનગર,તા.૭

ભાવનગર નજીક આવેલા નારી ગામના શખસે આશરે સાત વર્ષ પૂર્વે ૧૪ વર્ષીય સગીરાનું અપહરણ કરી તેના પર દુષ્કર્મ આચર્યું હતું. આ કેસ ભાવનગરની સ્પેશિયલ પોક્સો અદાલતમાં ચાલી જતાં ન્યાયાધીશે આરોપી સુરેશ ઉર્ફે સુખો શાર્દુલભાઈ મકવાણાને દોષિત ઠેરવી ૨૦ વર્ષના સખત કારાવાસની સજા ફટકારી છે.

વરતેજ પોલીસ મથકમાં નોંધાયેલી વિગતો મુજબ, આરોપીએ સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કરી તેની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. આ કેસમાં સ્પેશિયલ પોક્સો જજ એન.જી. દવેની અદાલતમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સરકારી વકીલ ગીતાબા પી. જાડેજાની ધારદાર દલીલો અને પુરાવાઓને ધ્યાને લઈને અદાલતે આરોપીને કસૂરવાર ઠેરવી આ કડક સજા ફટકારી છે.

ભાવનગરના ૧૩ અધિકારીઓની અન્યત્ર બદલી જ્યારે ૮ નવા ઇન્સ્પેક્ટરોની નિમણૂક

દિવાળી પૂર્વે ગુજરાત આરટીઓ વિભાગ દ્વારા ૩૫૯ ઇન્સ્પેક્ટરોની સામૂહિક બદલી

ભાવનગર,તા.૭

દિવાળીના તહેવારો પહેલાં ગુજરાત પ્રાદેશિક વાહન વ્યવહાર (RTO) વિભાગ દ્વારા રાજ્યભરમાં ૧૩ ઇન્સ્પેક્ટરોની સામૂહિક બદલીઓ કરાઈ છે. આ આદેશ અંતર્ગત ભાવનગરમાં ફરજ બજાવતા ૧૩ મોટર વ્હીકલ ઇન્સ્પેક્ટરોની બદલી અલગ-અલગ જિલ્લાઓમાં કરવામાં આવી છે.

જેમાં ઉમંગભાઈ મહેતાની ડાંગ, નિકુંજપુરી ગોસ્વામીની મહેસાણા, નેહલકુમાર સુથાર અને મંથનભાઈ રાવલની દાહોદ, મનનભાઈ મકવાણાની નડિયાદ, સંજયભાઈ રાઠવાની ભરૂચ, સંકલ્પકુમાર વસાવાની વલસાડ, જયરાજસિંહ ગોહિલની બોટાદ, ભાવિકકુમાર પટેલની ગોધરા, જૈવિકભાઈ જાદવની પોરબંદર, ધર્મિલકુમાર દેસાઈની રાજકોટ, રાજદિપસિંહ ગોહિલની અમદાવાદ ગ્રામ્ય તથા મયુરકુમાર મકવાણાની જૂનાગઢ ખાતે બદલી થઈ છે.આ સાથે જ અન્ય જિલ્લાઓમાંથી ભાવનગર ખાતે ૮ નવા ઇન્સ્પેક્ટરોની નિમણૂક કરવામાં આવી છે. જેમાં રાજેશ નારણભાઈ ગળચર, અનિરૂધ્ધસિંહ ચૌહાણ, રાહુલકુમાર ગોયાની, ભાવિક રમેશભાઈ મુંગલપરા, સહદેવસિંહ જાડેજા, રોહિતકુમાર ઝાલા, ચેતનકુમાર પ્રજાપતિ અને નિરવ દિનેશભાઈ ટાંકનો સમાવેશ થાય છે. આ ફેરફારોથી વાહન વ્યવહાર વિભાગની કામગીરી વધુ વેગવંતી બનશે.

નારી ચોકડી પાસેથી વિદેશી દારૂની પાંચ બોટલ સાથે યુવાન ઝડપાયો

ભાવનગર, તા.૭

ભાવનગરના વરતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂના ગેરકાયદે વેચાણ અને હેરાફેરી સામે પોલીસે પ્રોહિબિશન ડ્રાઇવ હાથ ધરી હતી. દરમિયાન નારી ચોકડી નજીક સિદસર શેડ પુલ પાસે હોટલ મેરીટોન સામે જાહેર રોડ પરથી ભારતીય બનાવટના પરપ્રાંતીય વિદેશી દારૂની પાંચ બોટલ સાથે એક યુવાનને ઝડપી પાડ્યો હતો.

મળતી વિગતો મુજબ, વરતેજ પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે શંકાસ્પદ હાલતમાં કાળા રંગની થેલી સાથે ઊભેલા માનવરાજસિંહ તેજપાલસિંહ જાડેજા (ઉ.વ.૨૨, રહે. આખલોલ જકાતનાકા, ભાવનગર)ની તપાસ કરવામાં આવી હતી. તેની થેલીમાંથી ચંદીગઢમાં વેચાણ માટેની ઓલ સીઝન ગોલ્ડન કલેક્શન રિઝર્વ વ્હિસ્કીની ૧૮૦ એમ.એલ.ની પાંચ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૮૯૫નો દારૂ કબજે કરી યુવકની પ્રોહિબિશન એક્ટ હેઠળ ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પાલીતાણામાં માવો ખાવા ઉભેલા યુવક ઉપર પાઈપ,પથ્થરથી હુમલો

ભાવનગર, તા.૭

પાલીતાણાના ભીલવાસ વિસ્તારમાં મોટરસાઇકલના રિપેરિંગના ખર્ચની ઉઘરાણી બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં યુવક પર લોખંડના પાઇપ અને પથ્થર વડે હુમલો કરાયો હતો. યુવકને બચાવવા વચ્ચે પડેલી તેની માતાને પણ માર મારવામાં આવતાં ચકચાર મચી છે.

મળતી વિગતો મુજબ, ભીલવાસ ગરાજીયા રોડ પર રહેતા રવિભાઈ દિનેશભાઈ સોલંકી (ઉ.વ.૨૫)ગઈકાલે સવારે સાડા દસ વાગ્યે એસટીડી ચોક પાસે વિનુભાઈની દુકાને માવો ખાવા ઊભા હતા. આ દરમિયાન અગાઉ તેમની મોટરસાઇકલ પાડી દેવાના બનાવમાં રિપેરિંગનો ખર્ચ માંગતાં રવિભાઈ કિશનભાઈ ચુડાસમા ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે લોખંડના પાઇપથી રવિભાઈના માથામાં ઘા માર્યો હતો. અન્ય શખ્સોએ ઢીકાપાટુ અને પથ્થરમારો કરી હુમલો કર્યો હતો. યુવકને બચાવવા આવેલી માતા લીલાબેનને પણ માર મારવામાં આવ્યો હતો. હુમલાખોરોએ પોલીસ ફરિયાદ કરશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત યુવકને પ્રથમ માનસિંહજી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ભાવનગરની સર.ટી. હોસ્પિટલમાં ખસેડાયો હતો.

સિહોરના ગુંદાળા વિસ્તારમાં મકાનના ધાબા પરથી દારૂ-બિયરના જથ્થા સાથે ૧ઝડપાયો

ભાવનગર, તા.૭

શિહોર પોલીસ દ્વારા દારૂના ગેરકાયદે વેચાણ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં શિહોરના ગુંદાળા વિસ્તારમાં બકુલભાઈની દુકાન પાસે રહેતા એક શખ્સના મકાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો.

મળતી વિગતો મુજબ, શિહોર પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે ગુંદાળા વિસ્તારમાં રહેતો અશ્વિનભાઈ ધરમશીભાઈ રાઠોડ (ઉ.વ.૨૮) પોતાના મકાનમાં દારૂનો જથ્થો રાખી વેચાણ કરે છે. જેથી પોલીસે પંચોને સાથે રાખી તેના મકાનમાં તપાસ કરતાં ધાબા પરથી એક થેલી મળી આવી હતી. જેમાંથી રાજસ્થાનમાં વેચાણ માટેના કિંગફિશર બિયરના ૧૨ ટીન અને ગ્રીન લેબલ વિસ્કીની બે બોટલ મળી આવી હતી. પોલીસે કુલ રૂ.૨,૬૩૦નો મુદ્દામાલ કબજે કરી અશ્વિન રાઠોડની પ્રોહિબિશન એક્ટ હેઠળ ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

ભારત-અમેરિકા સંબંધોનું નવું સમીકરણ

વ્યક્તિના અહમનો અંધકાર તેના પતન નું કારણ બને છે આવું જ અમેરિકાના સર્વ સત્તાધીસ પ્રમુખ ડોનાલ્ડ ની બાબતમાં બન્યું છે.ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીએ અમેરિકાની ૨૦૨૬ની મધ્યમ-કાલીન ચૂંટણીમાં કોંગ્રેસના બંને ગૃહોમાં બહુમતી ગુમાવી દીધી છે. ડેમોક્રેટ પાર્ટીએ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્ઝ અને સેનેટ બંને પર નિયંત્રણ મેળવ્યું છે. ભારત માટે આ ફક્ત અમેરિકી આંતરિક રાજકારણની વાત નથી; તે વ્યાપાર, ટેક્નોલોજી, રક્ષા, ઊર્જા અને વિદેશનીતિના સંબંધોને અસર કરી શકે તેવી ઘટના છે.સૌથી પહેલી અસર વ્યાપાર ક્ષેત્રે દેખાઈ શકે છે. ટ્રમ્પની ટેરિફ નીતિને કારણે ભારતીય નિકાસકારોને ઘણી મુશ્કેલી આવી હતી. ફાર્મા, ટેક્સટાઇલ, જ્વેલરી, ઓટો કમ્પોનન્ટ, સોફ્ટવેર સેવા અને કૃષિ ઉત્પાદનોના નિકાસ પર દબાણ વધ્યું હતું. હવે ડેમોક્રેટ નિયંત્રિત કોંગ્રેસ ટ્રમ્પની આક્રમક ટેરિફ નીતિને પડકારી શકે છે અને વ્યાપાર સંબંધોમાં વધુ સંતુલન લાવવાનો દબાણ કરી શકે છે. જો ટેરિફ ઘટે અથવા નવી વાટાઘાટ પ્રક્રિયા શરૂ થાય, તો ભારતીય ઉત્પાદકો માટે અમેરિકી બજાર ફરી વધુ ખુલ્લી બની શકે છે.ભારત માટે બીજી સકારાત્મક શક્યતા એ છે કે અમેરિકામાં નીતિગત અસ્થિરતા વધશે, તેથી અમેરિકન કંપનીઓ ભારતને વધુ મહત્વ આપી શકે છે. ચીન પર નિર્ભરતા ઘટાડવાની વૈશ્વિક ચર્ચા ચાલુ છે. આ પરિસ્થિતિમાં ભારત ઉત્પાદન, કૌશલ્ય, ડિજિટલ સેવા અને સપ્લાય ચેઇનનું વૈકલ્પિક કેન્દ્ર બની શકે છે. જો ભારત માળખાકીય સુધારા, સરળ પરવાનગી પ્રક્રિયા, સ્થિર કરવેરા વ્યવસ્થા અને વિશ્વસનીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડે, તો અમેરિકન રોકાણ વધવાની તક મળી શકે છે.પરંતુ આ જ પરિસ્થિતિમાં એક જોખમ પણ છે. અમેરિકામાં રાષ્ટ્રપતિ અને કોંગ્રેસ વચ્ચે સંઘર્ષ વધશે તો મોટા નિર્ણયો અટવી શકે છે. વ્યાપાર કરાર, ટેક્નોલોજી ટ્રાન્સફર, રક્ષા ખરીદી અને ઊર્જા સહયોગ જેવા મુદ્દાઓ પર નિર્ણય લેવામાં વિલંબ થઈ શકે છે. ભારતે આવી અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને લાંબા ગાળાની વ્યૂહરચના બનાવવી જરૂરી છે. એક જ સમયે અમેરિકા, યુરોપ, જાપાન, દક્ષિણપૂર્વ એશિયા અને ખાડી દેશો સાથે સંબંધો વિસ્તારવા ભારત માટે વધુ જરૂરી બનશે.રક્ષા અને સુરક્ષા ક્ષેત્રે પણ અસર થઈ શકે છે. ટ્રમ્પની વિદેશનીતિ ઘણી વખત એકપક્ષીય અને અણધારી રહી છે. હવે ડેમોક્રેટ કોંગ્રેસ તેમના નિર્ણયો પર વધુ નિયંત્રણ રાખશે.

ભારત માટે આ એટલે કે ઇન્ડો-પેસિફિક વ્યૂહરચના, ક્વાડ, સમુદ્રી સુરક્ષા અને ચીન સામેની સહયોગ નીતિ પર વધુ સંસ્થાકીય ચર્ચા થઈ શકે છે. જો ડેમોક્રેટ્સ સંસ્થાકીય મૈત્રીને પ્રાધાન્ય આપે, તો ભારત-અમેરિકા સંબંધો વધુ સ્થિર બની શકે છે.પરંતુ જો કોંગ્રેસ અને રાષ્ટ્રપતિ વચ્ચે સતત સંઘર્ષ રહે, તો સહયોગની ગતિ ધીમી પડશે.

ઊર્જા ક્ષેત્રે પણ ભારતને ધ્યાન રાખવું પડશે. અમેરિકા ભારત માટે ક્રૂડ ઓઇલ, એલએનજી અને ઊર્જા ટેક્નોલોજીનું મહત્વનું સ્રોત છે. જો અમેરિકામાં આંતરિક રાજકીય તણાવ વધે તો ઊર્જા નીતિ અને નિકાસ નિર્ણયોમાં અસ્થિરતા આવી શકે છે. ભારતે ઊર્જા સુરક્ષા માટે વૈવિધ્યકરણ ચાલુ રાખવું જોઈએ. રશિયા, ખાડી દેશો, પશ્ચિમ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા સાથેના ઊર્જા સંબંધોને સમાનંતર મજબૂત કરવા જરૂરી છે.

હવે ટ્રમ્પની પાર્ટીની હારના કારણો પર આવીએ. આ પરાજયનું સૌથી મોટું કારણ મોંઘવારી અને આર્થિક નિરાશા હતું. ટ્રમ્પે મોંઘવારી નિયંત્રણનું વચન આપ્યું હતું, પરંતુ મતદારોએ અનુભવ્યું કે જીવનનિર્વાહનો ખર્ચ ઘટ્યો નથી. એપીના મતદાર સર્વેક્ષણમાં સ્પષ્ટ થયું કે મોંઘવારી નિયંત્રણમાં નિષ્ફળતા રિપબ્લિકન ઉમેદવારો સામે મોટું રાજકીય બોજ બની.

ટેરિફ નીતિએ પણ મતદારોમાં નારાજગી પેદા કરી. ટેરિફના નામે દેશને સમૃદ્ધ બનાવવાનો દાવો કરાયો, પરંતુ વ્યવહારમાં વસ્તુઓના ભાવ વધ્યા. ખાસ કરીને ડીઝલ, ખેતીનાં સાધનો, આયાત આધારિત કાચા માલ અને રોજિંદી વપરાશની વસ્તુઓની કિંમતે સામાન્ય નાગરિકને અસર કર્યા. કાન્સાસ અને આયોવા જેવા કૃષિ પ્રધાન રાજ્યોમાં રિપબ્લિકન ઉમેદવારોની હાર આ અસરનું સ્પષ્ટ ઉદાહરણ છે.

મહાપાલિકા દ્વારા રૂ. ૧.૫૪ કરોડના ખર્ચે ખરીદેલ ૫ નવા ડ્રેનેજ વાહનો અને ૪ ઉપકરણોનું લોકાર્પણ

ભૂગર્ભ ગટરની માનવરહિત આધુનિક સફાઈ અને મિકેનાઈઝ્ડ પદ્ધતિને પ્રોત્સાહન આપવા મહાપાલિકાનો મહત્વનો નિર્ણય

ભાવનગર,તા.૭

ભાવનગર મહાપાલિકાના ડ્રેનેજ વિભાગ દ્વારા ભૂગર્ભ ગટરની માનવરહિત સફાઈ અને મેન્યુઅલ કામગીરીનું ભારણ અટકાવવા માટે મિકેનાઈઝ્ડ પદ્ધતિને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. શહેરની દિન-પ્રતિદિન વધતી વસ્તી અને વિકાસને ધ્યાનમાં રાખીને સરકારી ગ્રાન્ટ તેમજ વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ હેઠળ કુલ રૂ. ૧.૫૪ કરોડના ખર્ચે ખરીદવામાં આવેલા ૫ અત્યાધુનિક વાહનો અને ૪ ઉપકરણોનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે.

ગત તા. ૬/૧૧/૨૦૨૬ ના રોજ નીલમબાગ પાસે સ્થિત ડ્રેનેજ વિભાગના વાહન સેક્શન ખાતે ખાસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી જિતુભાઈ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં તથા મેયર ઉષાબેન તલરેજાના વરદ હસ્તે આ વાહનો અને ઉપકરણોને લીલી ઝંડી આપી જાહેર જનતાની સેવા અર્થે લોકાર્પણ કરાયા હતા. આ પ્રસંગે ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, શાસક પક્ષના નેતા અને દંડક, ડ્રેનેજ કમિટીના ચેરમેન અને મ્યુનિસિપલ કમિશનર સહિતના વિવિધ પદાધિકારીઓ, અધિકારીઓ અને કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા. વિકાસ કાર્યક્રમ હેઠળ ખરીદાયેલા નવા સાધનોમાં રૂ. ૯૩.૮૧ લાખના ખર્ચે ૪૦૦૦ લીટર વોટર ટેન્ક ક્ષમતા ધરાવતા ૨ ટ્રક માઉન્ટેડ સીવર જેટીંગ મશીન, રોડ નીચે દટાયેલા મેનહોલ શોધવા રૂ. ૪.૪૧ લાખના ૪ મેનહોલ કવર ડીટેક્ટર, તેમજ અધેવાડા ટી.પી. સ્કીમ માટે રૂ. ૫૬ લાખના ખર્ચે ૯૦૦૦ લીટર ટેન્ક ક્ષમતાવાળું સક્શન કમ જેટીંગ મશીન, ડી-સીલ્ટીંગ ગ્રેબ બકેટ અને મિની જેટીંગ મશીનનો સમાવેશ થાય છે. આ આધુનિક મશીનરીના ઉમેરાથી ભાવનગર મહાનગરપાલિકાની ડ્રેનેજ સફાઈની કામગીરી વધુ ઝડપી તથા સધ્ધર બનશે અને શહેરમાં સંપૂર્ણ માનવરહિત સફાઈ તરફ મોટું પગલું ભરાશે.

એટ્રોસિટી કેસનો નાસતો આરોપી અને તડીપાર કરાયેલો શખ્સ ઝડપાયો

દિવાળી તહેવારો નિમિત્તે હાથ ધરાયેલા ચેકિંગમાં કાયદાનો ભંગ કરનારા બે સામે કાર્યવાહી

ભાવનગર,તા.૭

ભાવનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં દિવાળીના તહેવાર અનુસંધાને ઘોઘારોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોમ્બિંગ નાઇટ તથા સઘન ચેકિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. પીઆઈ એ.એન. દેસાઈના માર્ગદર્શન હેઠળ પોલીસે અલગ-અલગ ટીમો બનાવી કાર્યવાહી હાથ ધરી હતી.

આ ચેકિંગ દરમિયાન જિલ્લા કોર્ટ ભાવનગરના એટ્રોસિટી કેસમાં નાસતા-ફરતા આરોપી સુરેશભાઈ ઉર્ફે કાથાળી જેન્તીભાઈ વાઘેલા (રહે. ખેડૂતવાસ)ને તેના ઘેરથી ઝડપી લેવાયો હતો. આ ઉપરાંત, સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટના હુકમથી ચાર જિલ્લામાંથી બે વર્ષ માટે તડીપાર કરાયેલ શુભમભાઈ નટુભાઈ સોલંકી (ઉ.વ.૨૧, રહે. રૂવા ગામ) કોઈ પરવાનગી વગર વિસ્તારમાં મળી આવતા તેની સામે ગુજરાત પોલીસ એક્ટ કલમ ૧૪૨ મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ છે.

ભાવનગર મહાપાલિકા દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સફાઈ કર્મચારીઓનું સન્માન

ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ૨૭ સફાઈ મિત્રોને રૂ. ૧૦,૦૦૦/- નો ચેક અને મીઠાઈ આપી કરાયા સન્માનિત



ભાવનગર,તા.૭

ભાવનગર મહાપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરમાં સ્વચ્છતા જાળવવા અને સફાઈ કામગીરીને વધુ પ્રોત્સાહન આપવા માટે "સ્વચ્છ દિવાળી, શુભ દિવાળી" અભિયાન અંતર્ગત વિશેષ સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અભિયાનના ભાગરૂપે ઓગસ્ટ તથા સપ્ટેમ્બર ૨૦૨૬ માસ દરમિયાન શહેરના વિવિધ વોર્ડમાં સફાઈ ક્ષેત્રો ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સોલિડ વેસ્ટ વિભાગના ૧૩ અને ડ્રેનેજ વિભાગના ૧૪ મળી કુલ ૨૭ સફાઈ મિત્રોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તા. ૦૬/૧૧/૨૦૨૬ ના રોજ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી હોલ ખાતે મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને આ સમારોહ યોજાયો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે તમામ સફાઈ કામદારોને વ્યક્તિગત રૂ. ૧૦,૦૦૦/- નો ચેક તથા દિવાળી નિમિત્તે મીઠાઈ અર્પણ કરી સન્માનિત કરાયા હતા. "સફાઈ કામદારનું સન્માન, સ્વચ્છ શહેરનું અભિમાન" ના સૂત્ર સાથે અગ્રણીઓએ કર્મચારીઓની સેવાભાવનાને બિરદાવી ભાવનગરને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવા અપીલ કરી હતી.

દાઠા પંથકની યુવતીને ભગાડી જનાર શખ્સ રાજકોટથી ઝડપાયો

સોશિયલ મીડિયા પર થયેલી ઓળખાણ બાદ યુવતીને ભગાડી ગયાની પરિવારની ફરિયાદ

ભાવનગર, તા.૭

તળાજા તાલુકાના દાઠા પોલીસ મથક હેઠળ આવતા એક ગામની પુખ્ત વયની યુવતીને ભગાડી જવાની ઘટનાને પગલે પંથકમાં ચકચાર મચી ગઈ હતી. યુવતીના પરિવારજનોએ દાઠા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. કે.સી. રેવરને રજૂઆત કરતાં પોલીસે તાત્કાલિક તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસની મહેનત રંગ લાવતાં યુવતીને ભગાડી જનાર શખ્સને રાજકોટથી ઝડપી લેવામાં આવ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, યુવતી અને અમરેલી જિલ્લાના સાવરકુંડલાના વતની એક શખ્સ વચ્ચે સોશિયલ મીડિયા મારફતે ઓળખાણ થઈ હતી. ત્યારબાદ યુવતીને ભગાડી જવામાં આવી હોવાની પરિવારજનોએ રજૂઆત કરી હતી. ઈન્ચાર્જ પી.આઈ. કે.સી. રેવરના માર્ગદર્શન હેઠળ પોલીસની અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરાઈ હતી. પ્રાથમિક તપાસમાં પોલીસની ટીમ મહુવા પહોંચી હતી, પરંતુ શખ્સ ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

ત્યારબાદ હ્યુમન સોર્સ, ટેકનિકલ સોર્સ અને બાતમીદારોની મદદથી તપાસ આગળ ધપાવતાં શખ્સ રાજકોટમાં હોવાની માહિતી મળી હતી. જેથી દાઠા પોલીસની ટીમ રાજકોટ પહોંચી તેને ઝડપી દાઠા પોલીસ મથકે લાવી હતી. હાલ શખ્સની પૂછપરછ સાથે યુવતીને પરિવારજનોને સોંપવા અંગેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સમગ્ર મામલે વધુ વિગતો પોલીસ તપાસ બાદ બહાર આવશે.

ભાવનગર મહાનગરપાલિકા

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નીચે મુજબના કામો માટે રસ ધરાવતા કોન્ટ્રાક્ટરો/એજન્સી/પેઢી પાસેથી N-PROCURE પોર્ટલ પર ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. આ દરેક કામની વિગતવાર માહિતી તથા ટેન્ડર શરતો અમારી વેબસાઈટ www.bmcgujarat.com પર જોઈ શકાશે.

ક્રમ	કામનું નામ, કિંમત અને ટેન્ડર ભરવાની તારીખ
1	ભાવનગર મહાનગરપાલિકા દ્વારા રાજકોટ રોડ ફ્લાયઓવર બ્રિજ ભાવનગર નીચેની જગ્યામાં ડેવલપ કરવામાં આવેલ સ્પોર્ટ્સ એક્ટીવીટી સેન્ટર (SAC) ને બે વર્ષ માટે પી.પી.પી. ધોરણે ચલાવવા આપવા બાબત.(બીજો પ્રયત્ન) ટેન્ડર ભરવાની તારીખ :-07/11/2026 થી 30/11/2026

માહિતી-ભાવ-૮૩૯-૨૬

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

ફ્લેશ બટ્ટ વેલ્ડ અને સંબંધિત પ્રવૃત્તિઓ તથા વિવિધ સ્ટેશનો ખાતે ઉચ્ચ સ્તર પ્લેટફોર્મ

ક્રમ નં.	ઈ-ટેન્ડર નં.	કામનું નામ	ટેન્ડર મૂલ્ય (₹)	ઈએમડી (₹)
૦૧	૧૮૧-૨૦૨૬-૨૭	(૧) ગોંડલ - વીરપુર - TRR(P) - ૧૬.૦૦૦ Tkm (૨) વીરપુર - જેતલસર - TRR(P) - ૧૮.૨૦૦ Tkm ના મંજૂર થયેલા વિવિધ ટ્રેક કામોના સંબંધમાં ફ્લેશ બટ્ટ વેલ્ડ અને સંબંધિત પ્રવત્તિઓ કરવાનું કામ.	૭,૯૬,૨૩,૬૨૩.૮૪	૧૫,૯૨,૫૦૦.૦૦
૦૨	૧૮૨-૨૦૨૬-૨૭	સણોસરા, આલમપર, ચુડા, ઉજલવાવ, લાઠીદડ, લુશાલા અને રીબડા ખાતે MEA ખામીઓ પર અંકુશ મેળવવા અને દિવ્યાંગજન સુલભતામાં સુધારણા માટે હાઈ લેવલ પ્લેટફોર્મ.	૧૧,૨૪,૩૬,૪૫૨.૬૪	૨૨,૪૮,૮૦૦.૦૦

ઉપરોક્ત બંને ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ : ૧૩-૧૧-૨૦૨૬ અને બિડિંગ બંધ થવાની તારીખ: ૨૭-૧૧-૨૦૨૬ વેબસાઈટ વિગત: www.ireps.gov.in

BVP-166

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

શ્રી ખદડપર ગ્રામ પંચાયત

તા.તળાજા જિ.ભાવનગર

જાહેર હરરાજી

ખદડપર ગામે આંગણવાડી કેન્દ્ર નં-૦૧(ખારશી વિસ્તાર) ના જર્જરિત મકાનની હરરાજી તારીખ:૧૭/૧૧/૨૦૨૬ ને મંગળવારના રોજ ગ્રામપંચાયત કચેરી-ખદડપર ના સ્થળે રાખેલ છે.હરરાજી માં રસ ધરાવતી વ્યકિતએ હરરાજીમાં ભાગ લેવા માટે રૂપિયા ૫૦૦૦/- (અંકે પાંચ હજાર રૂપિયા પુરા) ડિપોઝીટ ભરવાની રહેશે.બાકીની શરતો હરરાજી સ્થળ ઉપર રૂબરૂ જાણ કરવામાં આવશે.

હરરાજી સ્થળ-ખદડપર ગ્રામ પંચાયત

તા૧૭/૧૧/૨૦૨૬ મંગળવાર ના સવારે ૧૧.૩૦ કલાકે.

સરપંચશ્રી ખદડપર ગ્રામ પંચાયત | તલાટી કમ મંત્રી ખદડપર ગ્રામ પંચાયત

માહિતી-ભાવ-૮૪૩-૨૬

ગુજરાત મેરીટાઈમ બોર્ડ

નિવિદા નં.૨૩/ ૨૦૨૬–૨૭

શ્રી કાર્યપાલક ઈજનેર(યાંત્રિક) પી આઈ યુ, ભાવનગર, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, બ્લોક નં.૩, પોર્ટ કોલોની નં.૨, બોરતળાવ, બાલવાટીકા પાસે, ભાવનગર તરફથી પાન નંબર, GST રજીસ્ટ્રેશન તેમજ અનુભવી કોન્ટ્રાકટરો પાસેથી જ નીચેના કામ માટેના ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. આ કામની વિગતવાર વિજ્ઞાપન અત્રેના વિભાગના નોટીસ બોર્ડ ઉપર પણ મુકેલ છે.

ક્રમ	વિગત.	અંદાજીત રકમ.	૧. ટેન્ડર ઈસ્યુ. કરવાની છેલ્લી તા. ૨.ટેન્ડર સ્વિકારવાની છેલ્લી તા.	૩. બાનાની રકમ. ૪.ટેન્ડર ફી.
૧	એમ એન્ડ આર ટુ ઈ.આઈ. એટ વેરીયર્સ પ્લેસ ઈન ન્યુ પોર્ટ ભાવનગર	૪,૬૦,૯૦૧/–	૨૦/૧૧/૨૦૨૬ ૨૭/૧૧/૨૦૨૬	૫,૫૦૦/– ૭૦૮/–
૨	એમ એન્ડ આર ટુ ઈ.આઈ. એટ વેરીયર્સ પ્લેસ ઈન અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ	૪,૪૯,૩૮૨/–	૨૦/૧૧/૨૦૨૬ ૨૭/૧૧/૨૦૨૬	૫,૪૦૦/– ૭૦૮/–

આ અંગેના કોરા ટેન્ડર ફોર્મ ઉકત કચેરીએથી નિયત કરેલ તારીખ સુધીમાં કામકાજના દિવસે કચેરીના સમય દરમ્યાનં ટેન્ડર ફી ડી.ડી. ફોર્મેટમાં જીએમબી નોન પીએલ ડી ના નામે જમા કરવાથી ઈસ્યુ કરવામાં આવશે. તેમજ બાનાની રકમ શ્રી કાર્યપાલક ઈજનેર(યાં), પીઆઈયુ, જીએમબી, ભાવનગર ના નામે જરૂરી આધાર પુરાવા સાથે ભાવ ભરેલ ટેન્ડર ઉકત કચેરીમા નિયત કરેલ તારીખ સુધીમા કચેરીના સમય દરમ્યાનં ફકત રજી. એડી./સ્પીડ પોસ્ટ થી સ્વીકારવામાં આવશે. તેમજ કવર ઉપર કામનુ નામ દર્શાવવાનુ રહેશે. રૂબરૂમાં કે મોડા મળેલ ટેન્ડર માન્ય ગણાશે નહી.

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં,મહુવા

રજી નં.૧૩૪/૨૦૨૬

અપીલકર્તાના વિ.વકિલશ્રી બી.એન.મકવાણા

અરજદારશ્રી :- શ્રી જમનાબેન મેરાભાઈ ચૌહાણ

મું.મોટી જાગધાર તા.મહુવા જી. ભાવનગર

-: વિરુધ્ધ :-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી

-વ-

તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,

મું. મોટી જાગધાર તા.મહુવા જિ.ભાવનગર

-:: જાહેર નોટીસ ::-

